**<u>જનસંપર્ક અધીકારી દ્વારા</u>**

**<u>પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર</u>**

**<u>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩</u>**

**<u>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦</u>**

તા.૦૪/૦૬/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>**

**<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૫૦/૧૮</u>**

**<u>સાબરમતી પોલીસ સ્ટેશન :-</u>**

સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશનના આરોપીને પાસા હેઠળ

<u>અટકાયત કરવા બાબત</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે નરેશ ઉર્ફે નકલી સ/ઓ તખાજી મારવાડી(સીલ) ઉવ-૪૦ રહે ભુત બંગલાની બાજુમાં સાહેબપુરાના છાપરા શિવમ ફ્લેટની પાછળ જવાહર ચોક સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશી દારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે સી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા <u>ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૪૨૪/૨૦૧૮ તા:0૨/05/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને આજરોજ તા:03/05/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી</u> આપેલ છે.

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :-</u>

**ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૦/૨૦૧૮ ઇ.પી.કો કલમ.૩૦૭આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧-બી)એ ૨૭(૧) તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ ના કામના આરોપીને મધ્યપ્રદેશ ખાતે થી પકડી પાડતી ઇસનપુર પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૦/૨૦૧૮ ઇ.પી.કો કલમ.૩૦૭ તથા આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧-બી)એ,૨૭(૧) તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબના કામના આરોપી કાળુ પંડીતને પકડી પાડવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમો બનાવી જુદા-જુદા વિસ્તારમા રવાના કરેલ જે પૈકીની એક ટીમ જેમા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ વી.એન.ભરવાડ તથા પ્રો.એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.પો.કો પ્રવિણકુમાર રામજીભાઇ તથા અ.પો.કો સરદારસિહ મહીપતસિહ નાઓને મધ્યપ્રદેશ રવાના કરેલ જે ટીમે આરોપીનુ પુરૂ નામ સરનામુ મેળવી સતત ચાર દિવસ સુધી મધ્યપ્રદેશમા તેના વતનના ગામ દાવની તા સેવઢા જીલ્લો દતીયા મધ્યપ્રદેશ ખાતે વોચ કરી માહીતી મેળવી તેના ઘરેથી આરોપી કલ્લુ ઉર્ફે કાળુ પંડીત સ/ઓ રાજારામ કુશવાહને પકડી પાડી ઉપરોક્ત ગુનામા આજરોજ તા 03/0૬/૨૦૧૮ ના ક-૧૨/00 વાગે અટક કરેલ છે તા.03/0૬/૨૦૧૮

## <u>સુરક્ષા સેતુ રથ :</u>

“ગોમતીપુર” પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “ગોમતીપુર” પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.